મી.ક. જાવક નંબર ૭૨ / જા/૫/૧૫

ઘરવેરા વિભાગ

તા.૦૧/૦૫/૨૦૧૫

**-: સ્પષ્ટતા આદેશ :-**

ભાવનગર મહાનગરપાલિકા મિલ્કતવેરાના શ.વિ. અને શ.ગૃ.વિભાગના ક્રમાંકઃ ભમન/૮૦૨૦૧૧/૧૦૪૪/પી તા.૦૨/૦૪/૨૦૧૩ના થયેલ ઠરાવમાં કરવામાં આવેલ નિયમોમાં નીચે મુજબની સ્પષ્ટતા કરવામાં આવેલ છે.

(૧) બિન રહેણાકીય મિલ્કતો જેવી કે, મંદીર, મસ્જીદ, દેરાસર, ચર્ચ રોઝા, કબર, ગુરૂધ્વારા, દરગાહ, પારસી અગિયારી, કબ્રસ્તાન, સ્મશાન ગૃહ કે અંતિમ સંસ્કારના સ્થળો તથા ભાવનગર મહાનગરપાલિકાની ઈમારતો કે જે મહાનગરપાલિકા જાતે ઉપયોગ કરતી હોય કે જાહેર હીતમાં ઉપયોગ થતો હોય તેવા કિસ્સામાં મિલ્કતકર NU6 મુજબ "0" રહેશે. પરંતુ સફાઈકર અને શિક્ષણ ઉપકર NU5 મુજબ વસુલ લેવાનો રહેશે.

(૨) જે મિલ્કતોનું ૩૦૦%ના લાભ લેવા માટેની રજુઆતો થઈ હોય તે મિલ્કતના હુકમમાં જણાવવામાં આવ્યા મુજબ મુળસ્થિતીમાં રહેલ અને કોઈપણ પ્રકારના ફેરફાર ન થયેલ હોય તેવા કિસ્સા જેવા કે વધારાનું બાંધકામ કરેલ હોય, રીનોવેશન કરેલ હોય, હેતુ ફેર થયેલ હોય, ભાડૂત ફેર થયેલ હોય, ઉપયોગના પ્રકારનો ફેરફાર થયેલ હોય, એકત્રીકરણ કે વિભાજન કરેલ હોય, આવા તમામ કિસ્સામાં ભલે મુળ મિલ્કત યથાવત હોય, પણ ૩૦૦% મુજબનો લાભ આપવાનો રહેશે નહી.

(૩) જે મિલ્કતધારકો પોતાના રહેણાંકના મકાનમાં કોઈપણ અલગથી ન હોય તેવા રૂમમાં ૧૫ ચો.મી. સુધીની જગ્યાનાં પ્લાસ્ટીકની પાટી, દોરડા વિગેરે પ્રકારનો ગૃહ ઉધોગ કરતા હોય, તેવા આસામીઓનેNU3 ની જગ્યાએ આ જગ્યા NU5માં ગણી લાભ આપવાના રહેશે. પરંતુ રહેણાંકના મકાન સિવાય અલગથી ઉપયોગ ધરાવતા કોઈપણ મિલ્કતધારક માટે ક્ષેત્રફળને ધ્યાને લીધા સિવાય આ તમામ મિલ્કતો પ્રવર્તમાન નિયમાનુસાર NU3 માં જ રહેશે.

(૪) હીરાના કારખાના પ્રકારની મિલ્કતોમાં જયા આ પ્રકારના કારખાના ચાલતા હોય અને તેમાં ૧૦ ચો.મી. સુધીની કારીગરોને હીરાની લેવડ દેવડ કરવા કોઈ ઓફીસ બનાવી હોય તેવા કિસ્સામાં NU3 માં જ આ ઓફીસનો સમાવેશ કરવામાં આવશે.

(૫) વિવિધ સ્થળે આવેલ સોસાયટીઓમાં, હા.બોર્ડમાં કોઈપણ બાંધકામ વગરની ખુલ્લી જગ્યામાં કે જે કોમન પ્લોટ હોય અને જાહેર હિતમાં ઉપયોગ થતો હોય તેવી મિલ્કતોનેNU6 ફેકટરનો લાભ આપવાનો રહેશે. આ સંદર્ભમાં કોઈ ફલેટ, કોમ્પ્લેક્ષ, વિગેરેમાં આવેલ કોમન જગ્યાનો સમાવેશ થતો નથી.

(૬) NU6 પૈકીની જે કોઈ મિલ્કતનો સમાવેશ કરવામાં આવેલ છે તેમાં કોઈપણ મિલ્કતમાં કોઈપણ સંસ્થાઓ ધ્વારા, જ્ઞાતિની વાડી, છાત્રાલય કે બોર્ડીંગ ધ્વારા જો પ્રસંગોપાત કે નિયમિત રીતે ભાડે અપાતી હોય તેવા તમામ કિસ્સાઓમાં NU6 ફેકટરનો લાભ આપવાનો રહેશે નહી. તેને NU5 તરીકે ગણી તમામ વેરા વસુલ કરવાના રહેશે.

(૭) કોઈપણ બિન રહેણાંકીય મિલ્કત જે કોઈપણ કંપની / કોર્પોરેટ કંપની વિગેરેની ફ્રેન્ચાઈઝી મિલ્કત ધારક કે તેના માતા–પિતા, પતિ–પત્નિ કે સંતાનોને નામે લેવામાં આવેલ હોય તેવા કિસ્સામાં ભોગવટાના પરિબળમાં NO2 કે NO3 રદ કરી NO1 ભોગવટાનું પરિબળ રહેશે.

ઉપરોકત હૂકમનો અમલ વર્ષ ૧૫–૧૬ થી કરવાનો રહેશે. આ સબબ જે કોઈ આસામીએ ટેકસની રકમ ભરપાઈ કરી આપેલ હશે તેને રીફંડ આપવા પાત્ર રહેશે નહી.

કમિશ્નર
મહાનગરપાલિકા
ભાવનગર

નકલ રવાના :–

(૧) સચિવશ્રી
મહાનગરપાલિકા, ભાવનગર
(૨) નાયબ કમિશ્નરશ્રી (એડમીન)
(૩) નાયબ કમિશ્નરશ્રી (જનરલ)

નકલ જાણ તથા અમલ થવા સારૂ:–

(૫) ચીફ ઓડીટરશ્રી
(૬) ચીફ એકાઉન્ટન્ટશ્રી
(૭) પ્રો.ટેકસ સુપ્રિ.(પૂર્વ/પશ્ચિમ)
(૮) ઈ.ડી.પી.મેનેજરશ્રી
(૯) એપેલેટ ઓફીસરશ્રી(પૂર્વ/પશ્ચિમ)
(૧૦) રીકવરી અધિકારીશ્રી
(૧૧) સબંધીત પ્રકરણે

ચુટર વિભાગ
નંબર 234
4/05/2015

શ્રી K.C.

શ્રી R.K. + SMP

તા. 4/5/15